# ન્યૂ જર્સીમાં ફેડરલ અને સ્ટેટ ફાઇનાન્શિયલ એઇડ માટે માત્ર **5 પગલામાં** અરજી કેવી રીતે કરવી

HESAA
HIGHER EDUCATION STUDENT ASSISTANCE AUTHORITY

જ્યારે ફાઈનાન્શિયલ એઈડ માટે અરજી કરવાની હોય, ત્યારે તમારે માત્ર આ પાંચ પગલાં અનુસરવાના છે.

પગલું 1

## તમને જરૂરી માહિતી અને મદદ મેળવો

જો તમને ફાઇનાન્શિયલ એઇડ પ્રક્રિયામાં મદદની જરૂર હોય, તો તમારા હાઈસ્કૂલના કાઉન્સેલર, કોલેજના ફાઇનાન્શિયલ એઇડ ઓફિસર પાસેથી નિઃશુલ્ક સહાય મેળવો અથવા HESAA (609-584-4480)નો સંપર્ક કરો.
ન્યૂ જર્સીની ફાઇનાન્શિયલ એઇડ મેળવવા માટે, hesaa.org/pages/stateapplicationdeadlines.aspx પર આપેલી રાજ્યની છેલ્લી તારીખો નું પાલન કરો છો.

પગલું 2

## StudentAid.gov એકાઉન્ટ બનાવો

જો તમે Free Application for Federal Student Aid (FAFSA*) ભરવા માટે પાત્ર હો, તો તમારે અને (જો લાગુ પડે તો) કોઈ પણ યોગદાનકર્તા(ઓ)એ પોતપોતાના અલગ StudentAid.gov એકાઉન્ટ **(જેને** FSA ID તરીકે પણ ઓળખવામાં આવે છે) બનાવવા પડશે.
**આ** StudentAid.gov એકાઉન્ટ તમારી FAFSA પર ઇલેક્ટ્રોનિક સહી તરીકે કામ કરશે.
**તમારું** યુઝરનેમ અને પાસવર્ડ બનાવવા માટે studentaid.gov/fsa-id પર જાઓ, જેનો ઉપયોગ તમે અરજી શરૂ કરવા માટે તૈયાર થયા પછી FAFSAને ઍક્સેસ કરવા માટે થશે.

પગલું 3

## તમારી અરજી પૂર્ણ કરો

studentaid.gov પર જઈને અને તમારા StudentAid.gov એકાઉન્ટ વડે લૉગ ઇન કરીને તમારી FAFSA શરૂ કરો. તમે અરજીનો વિદ્યાર્થીનો વિભાગ પૂર્ણ કરો પછી, લાગુ પડે તો, યોગદાનકર્તાઓને જેમ કે જીવનસાથી, માતા-પિતા, સાવકા માતા-પિતા અથવા દત્તક માતા-પિતાને FAFSAના યોગદાનકર્તા વિભાગ ભરવા માટે આમંત્રિત કરો.
યોગદાનકર્તા(ઓ) શરૂ કરે તે પહેલાં FAFSAના તમારા વિભાગમાં સહી કરીને સબમિટ કરવાનું ભૂલશો નહીં.

પગલું 4

## NJFAMS એકાઉન્ટ બનાવો

તમારી FAFSAની પ્રક્રિયા થયા પછી, HESAA/NJFAMS (New Jersey Financial Aid Management System) તમને એકાઉન્ટ બનાવવા માટે njfams.hesaa.org/NJFAMS/StudentRegisterForLogin.aspxની મુલાકાત લેવાની લિંક સાથે એક ઇમેઇલ મોકલશે.
એકવાર તમે યુઝર ID અને પાસવર્ડ બનાવી લો, પછી તમે NJFAMS પોર્ટલમાં તમારી 'ટુ ડુ લિસ્ટ' અને 'એવોર્ડ તથા પાત્રતા' ની માહિતી જોઈ શકશો.

પગલું 5

## જરૂર મુજબ સુધારા સબમિટ કરો અને તમારા જવાબોની ખાતરી કરો

તમે તમારી અરજી સબમિટ કરી લો એટલે studentaid.gov વેબસાઇટ પર FAFSA Submission Summary (FSS) તપાસો, જેથી તમારી FAFSAમાં કોઈ સુધારા કરવાની જરૂર છે કે નહીં તે જાણી શકો.
એ જ રીતે, તમારી સ્ટેટ એઇડની પાત્રતા પર પ્રક્રિયા કરવા માટે HESAAને કોઈ વધારાની માહિતી અથવા દસ્તાવેજોની જરૂર છે કે કેમ તે જોવા માટે NJFAMS માં તમારું 'ટુ ડુ લિસ્ટ' તપાસો.બધી માહિતી ચકાસાઈ ગયા પછી, તમે તમારા ફેડરલ ફાઇનાન્શિયલ એઇડ અને સ્ટેટ ફાઇનાન્શિયલ એઇડ .ની પાત્રતા સંબંધિત માહિતી આ સંબંધિત વેબસાઇટ પર જોઈ શકશો

**નોંધ:**
કોલેજો અને યુનિવર્સિટીઓ નવા વિદ્યાર્થીઓને એનાયત પત્રોર્સ મારફતે જણાવે છે કે તેઓ કેટલી સંસ્થાગત આર્થિક સહાય મળવા પાત્ર છે.
પરત ફરતા કોલેજના વિદ્યાર્થીઓ તેમના કોલેજના ફાઇનાન્શિયલ એઇડ પોર્ટલ**માં** પોતાની સંસ્થાગત સહાય ની પાત્રતા જોઈ શકે છે.

જો તમે FAFSA મારફતે ફેડરલ સહાય માટે અરજી કરવા પાત્ર ન હો, તો hesaa.org/Pages/NJAlternativeApplication.aspx પર જઈને તપાસો કે તમે સ્ટેટ ફાઇનાન્શિયલ એઇડ માટેની અરજી કરવાા માટેની પાત્રતાના માપદંડો પૂર્ણ કરો છો કે નહીં.
જો તમે જરૂરી માપદંડો પૂર્ણ કરતા હો, તો એક NJFAMS એકાઉન્ટ બનાવો અને તેની અંદર ન્યુ જર્સી વૈકલ્પિક નાણાકીય સહાય ની અરજી ભરીને સ્ટેટ ફાઇનાન્શિયલ એઇડ માટે અરજી કરો.

સહાય માટે અરજી કરવા વિશે વધુ માહિતી માટે www.hesaa.org ની મુલાકાત લો અથવા QR કોડ સ્કેન કરો.